આંક- ૧ નીચે હુકમ

આજરોજ અત્રેની અદાલતમા યોજવામા આવેલ કોર્ટના સ્પેશીયલ સીટીંગમા વારંવાર પોકારવા છતા આરોપી હાજર નથી કેસનુ રેકર્ડ અને પ્રોસીડીગ ધ્યાને લઈએ તો આરોપી વિરુધ્ધ વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતા પોલીસે કોર્ટ પ્રોસેસની બજવણી કરી અદાલતમા આજદિન સુધી હાજર રખાવેલ નથી અને ભવીષ્યના ટુંકા સમયમાં આરોપી અદાલતમા હાજર થાય તેવા કોઈ સંજોગો જણાતા નથી. આ કેસ ..૮ . વર્ષ જેટલો જુનો છે. અને ફરીયાદ પક્ષની કસુરના કારણે આ કેસની કોર્ટ કાર્યવાહી આગળ વધી શકતી નથી. કાનુની જોગવાઈઓ ધ્યાને લઈએ તો આરોપી વિરુધ્ધ આ સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં. ડી.૨૯૧૭/૦૬ તારીખ. ૧૭/૧૦/૨૦૦૬ ને ધ્યાને લેતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામા આવે તો તેના તાર્કીક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં એ.આઈ.આર. ૨૦૦૨ પે.નં. ૧૮૫૬ પ્રમોદકુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો ધ્યાને લેતા આ કેસને હવે વધુ લાંબા સમય સુધી પેન્ડીગ રાખવો મને જરૂરી યોગ્ય અને ન્યાયી જણાતો નથી. તેથી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૬ ની કલમ ૨૫૮ અનવયે આ કેસની કોર્ટ કાર્યવાહી આથી પડતી મુકવાનો અને આરોપીને તેની વિરુધ્ધ મુકવામા આવેલ તોહમતમાંથી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેને આથી કાયમી કરવામા આવે છે. / જો કોઈ નાણા હોય તો રાજય ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે. / બાકીના બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

તારીખ.: ૦૮/૦૯/૧૮

(જે. એ. બારોટ)
એડીશનલ ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ
જીજે-૦૦૪૯૪

સ્પે. સીટીગ અમદાવાદ